ગાંધીનગર સમાચાર

## તૂ ન થકેગા કભી, તૂ ન રૂકેગા કભી, કર શપથ, કર શપથ !

ભારતીય રાષ્ટ્રનાં સુસંસ્કૃત હિન્દી સાહિત્યનાં પ્રખ્યાત કવિ આદરણીય હરીવંશરાય બચ્ચન સાહેબની આ કવિતા ઘણાં લોકોનો જીવનમંત્ર સાબિત થતો હોય તેમ જણાય છે. રાજસ્થાન રાજ્યનાં ડુંગરપુર ગામનો રહેવાસી શાંતિલાલ કનૈયાલાલ કટારાની કહાની હિન્દી કે સાઉથનાં ફિલ્મથી કઈ ઓછી નથી.

ડુંગરપુરના અત્યંત ગરીબ શ્રમિક પરીવારમાં જન્મેલા શાંતિલાલ કટારા એક એવો કિસ્સો છે જેની માટે ડુંગરપુર જ નહીં પરંતુ આખા રાજસ્થાનને ગર્વ લેવા જેવું છે અને આ માણસ પાસેથી શીખવાં જેવું છે. શાંતિલાલનાં પિતા ડુંગરપુરમાં પ્લાસ્ટરનાં કારીગર છે અને માતા પોતાના ખેતરમાં ખેતીવાડી અને ઘરકામ કરીને ગુજરાન ચલાવે છે. શાંતિલાલ સિવાય કનૈયાોલાલને ૨ પુત્ર અને ૨ પુત્રી છે. અત્યંત ગરીબ શ્રમિક



પરીવારમાં પરીવારનું પાલન-પોષણ કરતાં-કરતાં કનૈયાલાલ તેમનાં ૫ સંતાનોને ભણાવે છે. ૫ સંતાનો પૈકી સૌથી મોટો સંતાન શાંતિલાલ બી.એ. બી.એડ્ નો અભ્યાસ કરે છે. શાંતિલાલથી નાનો ભાઈ ગ્રેજ્યુએટ થયેલ છે. સૌથી નાનો ભાઈ ૧૧માં ધોરણમાં ભણે છે. ૨ બહેનો પૈકી એક બહેન ૯ માં ધોરણમાં અને બીજી બહેન ધોરણઃ૬ માં અભ્યાસ કરે છે.

મનમાં અખૂટ સપનાઓ જોતો અને અથાગ પરીશ્રમ કરીને જોયેલ સપનાઓ ને પુરા કરવાં માટે શાંતિલાલ કટીબધ્ધ અને પ્રતિબધ્ધ છે. સાથે સાથે તેનાં ભાઈ-બહેનોને પણ પ્રોત્સાહન પૂરાં પાડીને આગળ અભ્યાસ કરાવે છે. શાંતિલાલનો જન્મ ડુંગરપુરમાં ૪ ઓગસ્ટ ૧૯૯૬ના રોજ થયેલ. અત્યંત ગરીબ પરીવારમાં જન્મેલાં શાંતિલાલે સપનાઓ જોવાનું ક્યારેય બંધ ન હતું કર્યુ અને જોયેલા સપનાઓને સાકાર કરવા શાંતિલાલ કમાણીની શોધમાં ગાંધીનગર આવ્યો. પોતે કમાતો ગયો, પોતાની કોલેજની ફી ભરીને અભ્યાસ કરતો ગયો અને ભાઈ-બહેનોને પણ ભણાવે છે. ૨૪ વર્ષનો આ નવયુવાન અડગ અને મજબુત કદ-કાઠી અને તે ઉપરાંત તરવરાટ કરતો અને આંખોમાં અનોખાં સપનાઓ સાથે તમને નજર આવે પોતાનું પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ડુંગરપુરમાં જ પૂર્ણ કર્યુ. ત્યારબાદ ડુંગરપુરની ગુરૂકુળ કોલેજમાં બી.એ. નો અભ્યાસ ડિસ્ટીંક્શન સાથે પૂર્ણ કરીને હજુ વધુ ભણવાની અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ખેવનાં સાથે શાંતિલાલે જૂજનું જીલ્લાનાં પીલાની તાલુકામાં આવેલ રાકેશ ટીચર્સ ટ્રેનિંગ કોલેજમાં એક્ષ્ટર્નલ સ્ટુડન્ટ તરીકે બી.એડ્. નો અભ્યાસ ચાલુ કર્યો સાથે સાથે તેણે મજૂરી ચાલું કરી જેનાથી મળતી આવકમાંથી તે તેની કોલેજની ફી તથા ભાઈ-બહેનની અભ્યાસ અર્થે ફી ભરે છે.

વ્યવસાયે શાંતિલાલે શરૂઆતમાં ગાંધીનગર ખાતે પ્લમ્બિંગ કામનાં કોન્ટ્રાક્ટર પ્રતિકભાઈ પટેલનાં ત્યાં ૫ વર્ષ સુધી કડિયાં કામ કર્યુ. ત્યારબાદ ઘરકામનાં હાથ અજમાયો અને ગાંધીનગરનાં જાણીતાં ધારાશાસ્ત્રી અને સમાજસેવી એવા અશ્વિનભાઈ ત્રિવેદીનાં ત્યાં છેલ્લાં ૩ વર્ષથી ઘરકામ કરે છે. અશ્વિનભાઈની પ્રેરણાથી શાંતિલાલે બી.એડ્. માં ફોર્મ ભર્યુ અને સેમ-૧/૨ ની પરીક્ષા પણ આપી. પ્રથમ સેમિસ્ટરમાં ડિસ્ટીંક્શન સાથે પાસ થયેલ અને હાલ ૧૦ દિવસ પહેલાં સેમિસ્ટર ૨ ની પરીક્ષા આપેલ છે. શાંતિલાલે જણાવ્યું હતું કે, અશ્વિનભાઈ ત્રિવેદીની પ્રેરણા અને માર્ગદર્શનથી તેની ઉત્સાહ અને ઉર્જામાં ઉમેરો થયો છે અને પરીવારનાં મોભી તરીકેની લાગણી અને હૂંફ તથા મદદ પ્રાપ્ત થાય છે. સામે અશ્વિનભાઈ અને વર્ષાબેન પણ શાંતિલાલને પરીવારનો સભ્ય ગણે છે અને ત્રિવેદી પરીવારનાં સારાં-નરસાં પ્રસંગમાં શાંતિલાલની પરીવારનાં સભ્ય તરીકેની હાજરી સૂચક જણાવે છે. વધુમાં શાંતિલાલે જણાવ્યું હતું કે, બી.એડ્. કરીને પોતાનાં વતન ડુંગરપુર અને આસપાસનાં અતિ પછાત આદીવાસી વિસ્તારોના બાળકોને ભણાવીને તેમનું ઘડતર કરવાની ઈચ્છા શાંતિલાલ ધરાવે છે, તેમજ મોદિ સુશાસનની બધી જ યોજનાઓની માહિતી ધરાવે છે અને તેનાં અમલ માટે તે સતત પ્રયત્નશીલ રહે છે. શાંતિલાલ જણાવે છે કે, બી.એડ્. કરીને પોતાનાં ગામનાં અશિક્ષિત છોકરાંઓને ભણાવી-ગણાવીને તેમનો સમાજની પ્રગતિ કરાવવી છે અને સમાજની પ્રગતિ થકી જ રાજ્ય અને રાષ્ટ્રની પ્રગતિ સંભવ છે.

ધન્ય છે આવાં વીર યુવાનને અને ધન્ય છે ભારત રાષ્ટ્રને કે આવાં વીર સપૂત આ ભૂમિ પર જન્મ લે છે. અદભૂત શાંતિલાલ!

## ગ્રંથાલય વિશે ગાંધીના વિચારો અંગે ઓનલાઈન કાર્યક્રમ


ચિલોડા, તા. ૫

ગૂજરાત વિદ્યાપીઠ - મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના મધ્યસ્થ ગ્રંથાલય દ્વારા ગ્રંથાલય વિશે મહાત્મા ગાંધીના વિચારો અંગે ઓનલાઈન કાર્યક્રમ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.

અકાલ પુરુષના તંત્રી તેમજ ગાંધી સાહિત્યના ઊંડા અભ્યાસુ, કેળવણીકાર રમેશભાઈ સંઘવી મુખ્ય વક્તા હતા. તોઓએ ગાંધીજીના પુસ્તકો અને ગાંધીજીના પુસ્તક પ્રેમ વિશે શ્રોતાજનોને માહિતી આપી હતી.

મધ્યસ્થ ગ્રંથાલય સાદરાના વ્યવસાયિક મદદનઈશ તથા ગાંધી સાહિત્યના વાચક એવા સંગીત કલાકાર જગદીશ પરીખએ મહાત્મા ગાંધીએ વાંચેલા પુસ્તકો અર્ન ટુ ધી લાસ્ટ, ધર્મગ્રંથ ગીતાના વાંચન વિશે રસપ્રદ વાર્તાલાપ કર્યો. કાર્યક્રમની રૂપરેખા અને તજજ્ઞ વક્તાનો પરિચય, આવકાર સંકુલના સંયોજક રમેશભાઈ મ. પટેલએ આપ્યો હતો.

સંપર્ક સેતૂની કામગીરી વિશાલ માંગરોલીયાએ કરી હતી. ડૉ. મોતી દેવુએ આભાર દર્શન કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ



ઉદઘોષક તરીકે લાઈબ્રેરી એટેન્ડેન્ટ દિશા દવેએ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા ફૂલોમાંથી હાર બનાવવાની ઓનલાઇન સ્પર્ધા યોજાઇ



ગાંધીનગર, તા. ૫

સર્વ વિધાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધોરણ ૧ થી ૫ના વિધાર્થીઓ માટે ૪થી ઓકટોબરે ઓનલાઈન સર્જનાત્મક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બધા જ વર્ગના કુલ ૨૧૭ વિધાર્થીઓ એ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને વિવિધ જાતના ફૂલોમાંથી જાતે સુંદર હાર બનાવ્યા હતાં. જેમાં વાલીઓએ આ પ્રવૃતિ અંગે સકારાત્મક અભિપ્રાય આપી આ પ્રવૃતિને આવકારી હતી.

શાળાનાં આચાર્યશ્રી નીલાબેન પટેલે માતા પિતાનાં સહયોગથી ભાગ લઈ સુંદર સર્જનાત્મક કૃતિઓ બનાવનાર વિધાર્થીઓને તથા વાલીશ્રીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## પ્રો. પાર્થ ત્રિવેદી પીએચ.ડી થયા



ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત સી. એમ. પટેલ કોલેજ ઓફ ફિજિયોથેરાપીનાં પ્રો. પાર્થ ત્રિવેદી ને ''મસલ એનર્જી ટેક્નિક વિથ પ્લાયોમેટ્રિક એક્સરસાઈસ વર્સસ માયોફેસશ્યલ રિલિસ ટેક્નિક વિથ પ્લાયોમેટ્રિક એક્સરસાઈસ ઈન રિહૈબિલિટેશન ઓફ ક્રોનિક લટેરલ એપીકોન્ડીલાઈટિસ.'' સંશોધન વિષય માન્ય રાખીને માધવ યુનિવર્સિટી , પીંડવારા (સીરોહી) દ્વારા ડો. આર. અરુણાચલમના માર્ગદર્શન હેઠળ ડોકટર ઓફ ફિલોસોફી (પી એચ. ડી)ની પદવી ફિજિયોથેરાપીમાં એનાયત કરવામાં આવી છે. આ અભ્યાસ કલીનીકલ ટ્રાયલ રેજીસ્ટ્રી ઓફ ઈન્ડીયામાં રેજીસ્ટ્રેડ થયેલ છે . તેમની આ સિધ્ધિ બદલ સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસની વિદ્યાર્થીનીનુ ઉત્તમ પરિણામ



ગાંધીનગર, તા. ૫

સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ, ગાંધીનગરની વિદ્યાર્થીની કુ. જૈન શ્રેયા શ્રેણિકે વર્ષ ૨૦૨૦ ની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીની બીજા વર્ષ ફાર્મ.ડી.ની ઓનલાઈન પરિક્ષામાં યુનિવર્સીટી કક્ષાએ દસમું સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યુ હતુ. આ ઉપલબ્ધીને સંસ્થાના સંચાલક કે. જી. પટેલ, પ્રિન્સીપાલ તથા સ્ટાફ દ્વારા બિરદાવીને તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## સ્મિત મ્યુઝિક દ્વારા ફેસબુક લાઈવ કનોડીયા બ્રધર્સ ટ્રીબ્યુટ શો

ગાંધીનગર, તા. ૫

અજોડ બંધુ સ્વ.મહેશ-નરેશજીના અણધાર્યા નીધનથી સંગીત-કલા જગત, પ્રશંસકો ઘેરા શોક મગ્ન છે. પરમકૃપાળું મહાદેવ પરીવારજનોને આધાત સહન કરવાની શકતી આપે દવંગત આત્માઓને શાંતી પામો એમ પાર્થના સહ સુરસંગીતમય શ્રધ્ધાંજલીના એફબી. એકાઉન્ટ 'ભરત ગજજર સ્મિત મ્યુજીક' ઉપરથી તા.૭મી અને ૮મી નવેમ્બરના રોજ ૧૦.૩૦,૧૫.૩૦ અને ૨૦.૩૦ કલાકે પ્રતિદીન ત્રણ શો યોજાશે જેમાં શહેરના એડવોકેટ, પોલીસબંધુ અધીકારી, ડોકટર્સ, ડેરી તેમજ આઈટીઆઈ કર્મી, સરકારી ઓફીસર, તેમજ પ્રેસ મીડીયા કર્મી બેલડીઓ એમ ૧૫ ઉપરાંત સંગીત રસીક ગાયકો સુર શ્રધ્ધાંજલી આપશે.

શ્રધ્ધાસુમન આપવા કૂમેઝૂમે શહેરના મા.મેયર, બ્રહમાકુમારી આદરણીય કૈલાસ દીદી, લાયોનેસ પ્રમુખ લાયન્સ પ્રમુખ, જેસીઆઈ પ્રમુખ,શહેર અગ્રણિયો જગતભાઈ, નિશિથભાઈ વ્યાસ, કીશોર કલાસીસ બલવંતસર, ઝીલુભા ધાંધલ, વગેરે મહાનુંભવો શ્રધ્ધાંજલી શોમાં આવી રહયા છે. જયોતી - ભરત ગજજરે આ મહાનકલાકાર બંધુઓના ચાહકોને લાઈવ - શો થકી શ્રધ્ધાંજલી આપવા જોડાવા વિનંતી કરી હતી.



## બૌધ કવિ સંમેલનમાં જોડાયેલ કવિઓને મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા, ગાંધીનગર દ્વારા સન્માનિત કરાયા

ગાંધીનગર, તા. ૫

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા તારીખ ૨૪ ઓકટોબરે હિન્દી માં ઑન લાઈન કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતું જેમાં કુલ મળી ને ૩૫ કવિ ઓ એ ભાગ લીધો હતો અને પોતાની રચના ઓ પ્રસ્તુત કરી હતી,

૪ નવેમ્બર ૨૦૨૦ ના રોજ બપોરે બે વાગ્યે આયોજિત કરવામાં આવેલ સન્માન સમારોહમાં આ કવિઓને રાષ્ટ્રીય વરિષ્ઠ ઉપાધ્યક્ષ ભારતીય બૌધ સંઘ અને તંત્રી ન્યાય જ્યોત મહેસાણા ના આદરણીય પ્રહલાદ ભાઈ ચૌહાણ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા સમ્માનિત કરવામાં આવ્યા

આ પ્રસંગે સરસ્વતી વંદના આરતી તિવારી સનત દિલ્લી દ્વારા કરવામાં આવી અને ત્યાર બાદ સંસ્થાના પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ કવિ લેખક અને અનુવાદક હિન્દી ગુજરાતી, નશા મુક્તિ અભિયાન પ્રણેતા તેમજ મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ યોજનાર ભૂત પૂર્વ ઓફિસ સુપ્રિટેન્ડેંટ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસ, ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબના ઉપ પ્રમુખ દ્વારા અતિથિ ઓ નું શબ્દો રૂપી ફૂલમાળા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ નું સંચાલન સચિવ શ્રી રમેશ ભાઈ મૂલવાણી દ્વારા કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમ માં ભંતે સંઘ પ્રિય રાહુલ રાષ્ટ્રીય અધ્યક્ષ ભારતીય બૌધ સંઘ વ્યસ્તતાને કારણે ઉપસ્થિત રહ્યા ન હતા, આશીર્વચન મોકલી આપવામાં આવ્યા હતા

આભાર વિધિ કાંતિભાઈ પટેલ ઈંડિયન લાયન્સ, એડવોકેટ દ્વારા કરવામાં આવી હતી અને અંતમાં પ્રમુખ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા રાષ્ટ્ર ગીત રજૂ કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો



## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે "નેશનલ સિમ્પોઝીયમ ઇન્ડસ્ટ્રી ૪.૦" યોજાયો

વલ્લભ વિદ્યાનગર, તા. ૫

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના આઇ.ઇ.આઇ. મિકેનીકલ પ્રોડક્શન સ્ટુડન્ટ ચેપ્ટર અંતર્ગત તારીખ ૩૧ ઓક્ટોબર અને ૧ નવેમ્બરે નેશનલ સિમ્પોઝીયમ ઇન્ડસ્ટ્રી ૪.૦ ઈવેન્ટ નું આયોજન કરાયું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલ,ડૉ.પી.એમ.જ્યોર્જ (હેડ,મિકેનિકલ એન્જી ), મંથન મેંદપરા (પ્રોડક્શન ડેવલપમેન્ટ મેનેજર,હાઈટેક આઈસોલેશન), આત્મ ગોડારા (પ્રોડક્શન HR જર્નાલિસ્ટ, NETFLIX ), રશ્મિ રંજન મોહપાત્રા (MD,South Asia & India, Kempi Oy), સંદીપ રાઉત (ફાઉન્ડર & CEO, Going Digital), પ્રો બી.એસ. પટેલ(એડવાઈઝર,IEI,મિકેનિકલ એન્ડ પ્રોડક્શન એન્જી.સ્ટુડન્ટ ચેપટર ) ઉપસ્થિત રહ્યા હતા.

શરૂઆત માં ડૉ.પી.એમ. જ્યોર્જે એ ઈન્ડસ્ટ્રી ૪.૦ વિષે પ્રારંભિક પરિચય આપ્યો હતો તથા તેના દ્વારા નાના લેવલ થી





લઈ મોટા ઉધોગો સુધી ઉધોગો માં કેવી ક્રાંતિ આવી છે તે પણ જણાવ્યું હતું. આ પ્રસંગે સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે સમગ્ર I.E.I મિકેનિકલ તથા પ્રોડક્શન એન્જી. સ્ટુડન્ટ ચેપટર ને વર્તમાન ટેક્નોલોજિકલ રિવોલ્યુશન ને અનુલક્ષી ને ઈન્ડસ્ટ્રી ૪.૦ વિષય પર નેશનલ સિમ્પોઝિયમ ના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા તેમણે ઈન્ડસ્ટ્રી ૪.૦ની ઈન્ડસ્ટ્રીઅલ એપ્લિકેશન્સ વિષે રસપ્રદ માહિતી આપી હતી તથા સરદાર પટેલ જયંતી (રાષ્ટ્રીય એકતા દિવસ ) નિમિત્તે સૌને શુભેચ્છા પાઠવી હતી.

એન્જીનીયર મંથન મેન્દાપરા દ્વારા ખૂબ સુંદર રીતે ઈન્ડસ્ટ્રી ૪.૦ નું વર્ણન કરાયું. તેમને ઈન્ડસ્ટ્રીયલ રિવોલ્યુશન માં આવેલા વિવિધ તબક્કા વિગતવાર સમજાવ્યા હતા તેમણે ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ઓટોમેશન, રોબોટિક્સ વગેરે વિશે પણ સમજાવ્યું હતું. કાર્યક્રમની અંતે તેમણે દરેક વિદ્યાર્થીઓ ના પ્રશ્નોના સંતોષકારક અને ખૂબ સરળ જવાબ આપ્યા હતા. આત્મ ગોડારા દ્વારા ડિજિટલ ટ્રાન્સફોર્મેસન પર વિસ્તૃત માહિતી આપી હતી કે કેવી રીતે આજે દરેક જગ્યાએ તેની અસર જોવા મળે છે.રશ્મિ રાજન મહાપાત્રા દ્વારા વિધાર્થીઓ ને જાણવા મળ્યું હતુ કે ઈન્ડસ્ટ્રી ૪.૦, ડિજિટલ ટ્રાનફોરમેશન, ઓટોમેશન વગેરે નો ભારત પર વ્યાપ અને અસર કેવી છે. સંદિપ રાઉત દ્વારા ઈન્ડસ્ટ્રી ૪.૦ ની ઉધોગો ના વિવિધ પાસાઓ ઉપર કેવી અસર છે તે જણાવવામાં આવ્યું હતું. જેમાં તેમને હાલ માં સૌથી વધારે લોકપ્રિય શાખા એવી રોબોટિક્સ નો પણ સમાવેશ કર્યો હતો.

## જન્મદિને વધામણી



જે બી પટેલ
મો. ૯૯૦૯૯ ૨૧૪૧૧



જીનલ કલ્પેશજી સોલંકી
મો. ૯૯૦૪૨ ૮૮૯૭૫



દિપાલી એન બ્રહ્મભટ્ટ
જર્નાલિસ્ટ



હર્ષ કલ્પેશભાઈ સોની
મો. ૭૪૦૫૨ ૪૩૪૬૭



કેશવ શિવાલે
મો. ૯૩૧૬૭ ૧૨૩૨૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક